# આકાશવાણી-ભુજ

**સમાચારવાચક : ચૈતાલી જોશી**

**કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક**

**તારીખ- ૧૯-૦૩-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## લોકસભા ચુંટણી –જાહેરનામું :

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે.આ તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 લોકસભા બેઠકો પર ચૂંટણી યોજાશે.તમિલનાડુની 39 બેઠકો,રાજસ્થાનની 12 બેઠકો, ઉત્તર પ્રદેશની 8 બેઠકો,મધ્યપ્રદેશની છ બેઠકો,ઉત્તરાખંડ,આસામ અને મહારાષ્ટ્રની પાંચ-પાંચ બેઠકો,બિહારની ચાર બેઠકો, પશ્ચિમ બંગાળની ત્રણ બેઠકો,બે-બે બેઠકો આ પહેલા તબક્કામાં અરુણાચલ પ્રદેશ,મણિપુર,મેઘાલય અને છત્તીસગઢ, મિઝોરમ,નાગાલેન્ડ, સિક્કિમ,ત્રિપુરા,આંદામાન અને નિકોબાર ટાપુઓ,જમ્મુ અને કાશ્મીર,લક્ષદ્વીપ અને પુડુચેરીની એક-એક સીટ પર મતદાન થશે.27મી માર્ચ સુધી નામાંકન દાખલ કરી શકાશે.19મી એપ્રિલે મતદાન થશે.

**RNU અમદાવાદ**

---

## લોકસભા ચુંટણી-ઘોષણાપત્ર :

**લોકસભા ચૂંટણી માટે પાર્ટીના ઘોષણપત્રને મંજૂરી આપવા માટે નવી દિલ્હીમાં કોંગ્રેસની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની બેઠક ચાલી રહી છે.આ બેઠકમાં પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી,રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી,પી**

**ચિદમ્બરમ, દિગ્વિજય સિંહ,અજય માકન અને કે.સી. વેણુગોપાલ સહિત અન્ય વરિષ્ઠ નેતાઓ ભાગ લઈ રહ્યા છે.**

**RNU અમદાવાદ**

---

## CISF-૨૫૦ કર્મચારી :

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળના મહાનિર્દેશક નીના સિંહે CISFનાં 250 કર્મચારીઓને સુરક્ષા વિંગમાં એકીકૃત કરવા માટે મંજૂરી આપી દીધી છે.સંસદમાં થયેલી સુરક્ષા ભંગના કારણે CISFની હાજરી વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.વૈવિધ્યપૂર્ણ ત્રણ-દિવસીય તાલીમ કાર્યક્રમને પગલે CISFના જવાનો સપ્તાહના અંત સુધીમાં સંસદની સુરક્ષા વ્યવસ્થામાં તહેનાત થવાના છે.

**DD-ચૈતાલી જોશી**

---

## કચ્છ–બન્ની-આગ :

કચ્છના બન્ની વિસ્તારમાં ઘાસિયા મેદાનમાં બે દિવસ પહેલા ઓચિંતા આગ લાગતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.આગ વિકરાળ થતાં સ્થાનીક લોકોમાં ચિંતા અને ગભરાટનો માહોલ સર્જાયો હતો.36 કલાક બાદ આગ પર કાબૂ મેળવાયો હતો.6 જેટલા ફાયર ફાઇટર દ્વારા આગ પર કાબૂ મેળવવાની કામગીરી કરવામાં આવી હતી.આગની આ ઘટનામાં ઘાસના મોટા જથ્થા સળગી જવાની સાથે કેટલાક નાના પશુઓ પણ સળગી ગયા હોવાના અહેવાલ મળ્યા છે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------------------------

## નવી દિલ્હી-કચ્છી ભાષા :

સાહિત્ય અકાદમી અને ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા દિલ્હી ખાતે યોજાયેલા વિશ્વના સૌથી મોટા સાહિત્ય ઉત્સવમાં કચ્છી ભાષાને પ્રથમવાર સ્થાન મળ્યું હતું.જેમાં કચ્છના ત્રણ સર્જકો પબુ ગઢવી 'પુષ્પ'એ કચ્છી સાહિત્ય તેમજ વીમી સદારંગાણી અને કલાધર મુતવાએ સિંધી સાહિત્ય કૃતિ પ્રસ્તુત કરી કચ્છનું ગૌરવ વધાર્યું હતું.વર્ડ બુક ઑફ રેકોર્ડસ દ્વારા આ કાર્યક્રમનેને વિશ્વ રેકર્ડ તરીકે નોંધવામાં આવ્યો હતો. અકાદમીએ એક દિવસમાં 47 ભાષાના 94 જેટલા લેખકો- કવિઓને મંચ પૂરું પાડ્યું હતું.આ સાહિત્યિક ઉત્સવ દરમિયાન 150 સત્રમાં 100 થી વધુ ભારતીય ભાષાના 1100 જેટલા સાહિત્યકારોએ ભાગ લઈ પોતાની ભાષાને રાષ્ટ્રીય ફલક પર મૂકી હતી.કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ કચ્છનું ગૌરવ વધારવા બદલ કચ્છી સર્જકોને અભિનંદન આપ્યા હતા.

**NP-ચૈતાલી જોશી**

--------------------------------------------------------------------------------------------

## અમિત અરોરા-જાહેરનામું-સંકલન :

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને જિલ્લા ચૂંટણી અધિકારી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને તાજેતરમાં જિલ્લાના સંકલન અધિકારીઓ તથા નોડલ ઓફીસરો સાથે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઇ હતી.આ બેઠકમાં ભારતનાં ચૂંટણી પંચ દ્વારા  આપવામાં આવેલી અદ્યતન સૂચનાઓથી હાજર રહેલા નોડલ અધિકારીઓને માહિતી આપવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિએ નોડલ અધિકારીઓને તેમની જવાબદારીઓ અંગે અવગત કર્યા હતા.ચૂંટણી પ્રચાર અર્થે સરકારી વાહનોનો ઉપયોગ કરી શકાશે નહીં.રાજકીય પક્ષોની બેઠક માટે સર્કિટ હાઉસનો ઉપયોગ કરી શકાશે નહીં.

**માહિતી ખાતું**

-----------------------------------------------------------------------------------

## અમિત અરોરા-જાહેરનામું-બેન્ક પ્રતિનિધિ :

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ સંદર્ભે કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અમિત અરોરાએ જિલ્લાની વિવિધ બેન્કોના મેનેજરો અને નોડલ અધિકારીઓ તથા અમલીકરણ એજન્સીઓમાં પોલીસ વિભાગ, ફોરેસ્ટ, ઈન્કમટેક્ષ, કસ્ટમ, પોસ્ટ ઓફીસ, બી.એસ.એફ,એરપોર્ટ ઓથોરીટી સાથે કલેકટર કચેરી ખાતે ખાસ બેઠક યોજી હતી.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી અમિત અરોરાએ બેન્ક પ્રતિનિધિઓને ચૂંટણી સમયગાળા દરમિયાન થનારા પ્રત્યેક શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનની જાણકારી બાબતે દેખરેખ રાખી ચૂંટણી વિભાગને માહિતીગાર કરવા જણાવ્યું હતું.

**માહિતી ખાતું**

-----------------------------------------------------------------------------------

## કચ્છ-તાપમાન :

કચ્છમાં મહત્તમ તાપમાનનો પારો સામાન્ય કરતાં બેથી ચાર ડિગ્રી ઊંચો રહેવાની સાથે ગરમી વધી હતી. આજે ભુજનું મહતમ ઉષ્ણતામાન ૩૮ ડીગ્રી નોંધાયું હતું.હવામાન વિભાગે આગામી પાંચ દિવસનું પૂર્વાનુમાન વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે,સૌરાષ્ટ્રની સાથે કચ્છના કાંઠાળ ગામોમાં ઉષ્ણતામાન અને ભેજ વધવાની સાથે અકળાવતી ગરમી અનુભવાશે.

**NP-ચૈતાલી જોશી**

-----------------------------------------------------------------------------------

## માનવજ્યોત સંસ્થા-ચકલી દિવસ :

માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરાશે.જે અંતર્ગત સંસ્થા દ્વારા આવતીકાલે નિશુલ્ક કુંડા અને ચક્લીઘરનું વિતરણ લાલન કોલેજ ભુજ મધ્યે સવારે સાડા નવ અને રીજનલ સાયન્સ સેન્ટર ભુજ ખાતે સવારે સાડા અગિયાર વાગ્યે કરાશે.

**NP-ચૈતાલી જોશી**

---------------------------------------------------------------------------------------------